

# બ્લાઉઝ બેક ડિઝાઇન્સ
## એથનિક લુકને આપો ગ્લેમરસ ટચ

સાડી મહિલાઓની સૌથી પસંદગીના આઉટફિટ્સમાંની એક છે. લગ્ન, પાર્ટી, તહેવાર કે કોઈ ખાસ પ્રસંગે મહિલાઓ સાડી પહેરવાનું પસંદ કરે છે પરંતુ ખૂબસૂરત સાડી સ્ટાઈલ કરવી જ પૂરતું નથી, એની સાથે યોગ્ય બ્લાઉઝ ડિઝાઈન તમારા લુકને બદલી શકે છે. એક સાડી ગમે એટલી ખૂબસૂરત કેમ ન હોય, એની સાથેનું બ્લાઉઝ એના લુકને નિખારી કે બગાડી શકે છે. એક શાનદાર નેક ડિઝાઈન તમારા એથનિક સ્ટાઈલ સ્ટેટમેન્ટને એકદમ નવું રૂપ આપી શકે છે. તહેવાર-ખાસ પ્રસંગ માટે તૈયાર થવાનો મતલબ ફક્ત સામેનો ભાગ નથી. જ્યારે તમે તમારી સાડી આભૂષણ અને વાળની સ્ટાઈલ નક્કી કરો છો ત્યારે તમારા બ્લાઉઝના પાછળના ભાગ પર પણ ધ્યાન આપવું જોઈએ. દિવાળી અને લગ્નની સીઝન આવી રહી છે ત્યારે તમે પણ સાડી પહેરવાનું વિચારતાં હો તો અહીં આપેલી બ્લાઉઝની બેક ડિઝાઈન પર એક નજર નાંખો... જે તમારી સિમ્પલ સાડીને પણ બનાવશે સ્ટાઈલિશ અને ખૂબસૂરત.





### ક્રિસ ક્રોસ બેક નેક બ્લાઉઝ ડિઝાઇન

ક્રિસ ક્રોસ દોરીવાળાં બ્લાઉઝ લગ્ન અને અન્ય ટ્રેડિશનલ પ્રસંગોમાં બહુ લોકપ્રિય છે. દોરી માત્ર બ્લાઉઝને બાંધવા માટે જ કામ નથી આવતી પરંતુ એ એક વધારાની સજાવટ તરીકે પણ કામ કરે છે.

### મલ્ટી સ્ટ્રેપ બેક વિથ હેન્ગિંગ ચાર્મ્સ

તમે જ્યારે કંઈક મજેદાર ઈચ્છતાં હો ત્યારે આ ડિઝાઈન કરાવી શકાય. એક મોટા કટને બદલે પાછળની બાજુ 4-6 પાતળી પટ્ટીઓ હોય છે અને વચ્ચે સ્ટાર્સ, દિલ કે નાનાં બીડ્સ જેવાં નાનાં નાનાં ચાર્મ્સ. એ બ્રાઈટ સાડી સાથે સારાં લાગશે. બ્લાઉઝને તમારા લુકનું મુખ્ય આકર્ષણ બનવા દો.

### પર્લ સ્ટ્રિંગ્સ વિથ ટેસલ્સ

આ બ્લાઉઝ જોવામાં બહુ સુંદર અને મોંઘી લાગે છે પરંતુ ભડકીલી લાગતી નથી. એમાં તમારી પીઠનો ઘણો ભાગ ખુલ્લો રહે છે જેના પર મોતીની ત્રણ-ચાર પાતળી સેર હોય છે અને વચ્ચોવચ મોતીનું એક લાંબું લટકણ નીચેની બાજુ આવે છે. આ હેવી ગોલ્ડવર્ક બ્લાઉઝ અને ટિશ્યુ કે ઓર્ગેન્ઝા સાડી સાથે બહુ સુંદર લાગે છે. આખો લુક એકદમ રોયલ લાગે છે. લો બન હેરસ્ટાઈલ કરો અને એક બાજુ ગજરો લગાડો.





### શિયર બેક ડિઝાઇન

શિયર બેક ડિઝાઈનમાં તમે સ્કિન દર્શાવો છો પરંતુ એલિગન્ટ રીતે. ઘણી વાર વડીલો સામે ડીપ નેક બ્લાઉઝ પહેરવામાં સંકોચ થાય છે તો તમે આ ડિઝાઈન સાથે સ્ટાઈલિશ પણ દેખાશો અને ઓવર પણ લાગશો નહિ.

### મલ્ટી સ્ટ્રેપ બેક નેક બ્લાઉઝ ડિઝાઇન

તમારી ક્લાસી સાડી સાથે મલ્ટી સ્ટ્રેપ બેક નેકવાળું બ્લાઉઝ પસંદ કરો. મલ્ટી સ્ટ્રેપ પેટર્ન તમને શાનદાર અને એલિગન્ટ લુક આપશે. આ લુકને નિખારવા માટે તમે બન હેરસ્ટાઈલ કરી શકો.

### બેક કટ આઉટ બ્લાઉઝ ડિઝાઇન

બ્લાઉઝની પાછળ એક સિમ્પલ કટઆઉટ તમારી પ્લેન અને બોરિંગ સાડીના લુકને પણ શાનદાર બનાવી શકે છે. તમે રાઉન્ડ, હાર્ટ, લીફ જેવી અનેક ડિઝાઈનના કટ આઉટ કરાવી શકો. એની સાથે 'કોલ્ડ શોલ્ડર' સ્ટાઈલ જોડાય તો એ બધાંનું ધ્યાન આકર્ષે છે.





### દોરી સ્ટાઇલ બેક નેક બ્લાઉઝ ડિઝાઇન

એથનિક લુકમાં ગ્લેમરસ દેખાવા ઈચ્છતાં હો તો બેકમાં દોરી લગાડી શકો છો. એનાથી તમારો આખો લુક સ્ટાઈલિશ લાગી શકે છે. દોરીવાળા બ્લાઉઝ ઘણા ટ્રેન્ડી અને આકર્ષક હોય છે. લગ્નમાં જ્યારે તમે ડાન્સ કરો છો કે હરોફરો છો ત્યારે દોરી પણ તમારી સાથે ખૂબસૂરતીથી લહેરાય છે. તમે ગોલ્ડ, મોતી કે અન્ય કોઈ પણ ફેબ્રિકનાં લટકણ લગાડી શકો જે તમારી સાડી સાથે ખૂબ જ શોભશે.



### નોટેડ બેક ડિઝાઇન

શિફોન સાડી સાથે આ ડિઝાઈનવાળું બ્લાઉઝ બહુ શોભે છે. આ બ્લાઉઝ તમે લગ્નપ્રસંગ, રિસેપ્શન કે સંગીત અને કીટી પાર્ટીઓમાં પણ પહેરી શકો છો. જો તમારી બેક ટોન્ડ હોય તો આ બ્લાઉઝ તમારા લુકને વધારે ખૂબસૂરત બનાવશે.